

## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

079-23226251

*'કાયદો' કર્તવ્યથી કોઈ વહન કરતું નથી!*
*રાષ્ટ્રીય આપત્તિનું કોઈ દહન કરતું નથી!*
*ગહન ગહરાઈ સુધી પહોંચ્યું છે કાળું નાણું -*
*દેશ માટે મુશ્કેલી, કોઈ સહન કરતું નથી...*

હાઈકુ

*નોટો છાપવા -*
*ની અશક્તિ મર્યાદા ?!*
*- ટેન્ડર માંગો...*

*આળશુ બેન્કો,*
*કામના ટાણે પણ -*
*રહે 'રિઝર્વ'...*

### ચિંતન

*વસ્તુનિ ચિરા ભિલષિતૈ કથમયિ દ્દેવાત્પ્રસકતસંઘટતે ।*
*પ્રાક્ પ્રાપ્તાન્યપિ બહુશો દુષ્પનિ પરં સુખાની જાયન્તે ॥*

સુભાષિત રત્નભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા ધ્યાયનો આ શ્લોક છે :

ઘણીવાર કોઈ અલભ્ય વસ્તુ પ્રાપ્ત કરવા માટે આપણે ભૂતકાળમાં અનેક પ્રયત્નો કરી ખૂબ દુઃખ વેઠ્યાં હોય છે, એની ઈચ્છિત વસ્તુ દૈવયોગે અચાનક જ પ્રાપ્ત થઈ અને આપણો પ્રયાસ સફળ થઈ જાય ત્યારે પૂર્વે વેઠેલાં દુઃખો અને નિષ્ફળતાઓ એક આનંદની અનુભૂતિમાં પરિવર્તિત પામે છે; એ વસ્તુ પ્રાપ્ત કરવા માટે ભોગવેલાં દુઃખો પણ પછી સુખને શીતળતા આપતાં લાગે ઓછે.

હમણાં હમણાં ઓલંપીક રમતો ચાલે છે ભારતનાં રમતવીર મહિલાઓને પ્રથમવાર કાંસ્ય અને રૌપ્ય ચંદ્રક પ્રાપ્ત ચંદ્રક પ્રાપ્ત થયા છે તેમના જિંદગીભરના પ્રયત્નો-પુરુષાર્થનું એ પરિણામ એમના માટે કેટલું બધું સુખકર હશે?!

### સુવિચાર

- તમારા પિતાનાં કપાળની કરચલીઓને કારણે તમારા શરીર પર કરચલી વગરનાં કપડાં છે - **ચંદ્રેશ પ્રજાપતિ**
- ખોટી અપેક્ષામાં જ હારી જવાતું હોય છે,
  નિઃશ્વાર્થ સંબંધ નિભાવવામાં કયાં દરેકથી જીવાતું હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોતરાવાં ગયાં બેઉ એક ટાંટણે, સુખને આકાર છે, દુઃખ નિરાકાર છે - **રઈશ મણીયાર**
- પોતાના જ સિતમ કરનારને તમે કાં નફરત કરો, કાં માફ કરો, આ ધૃણા અને ક્ષમાની વચ્ચેનો જે પ્રદેશ છે તેમાં તમારું અસલી ઘડતર થાય છે - **વી. શાંતારામ**
- સફળ થવા માટે ત્રણ વસ્તુની જરૂર છે... ઈચ્છા,
  સંકલ્પ અને ચોક્કસ સમયે ઘા કરવાની આવડત - **માઈકલ શુમાકર**
- પહાડ પણ પીગળી શકે છે, અને સમંદર પર રણ બની શકે છે,
  જો પ્રબળ ઈચ્છાશક્તિ હોય તો જીવન પણ ઉપવન બની શકે છે - **કુમારપાળ દેસાઈ**
- આજનું ઔષધ : તુલસી પાન સાથે મરી ચાવવાથી ચક્કર આવતાં બંધ થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જ્ઞાન હોવું અને એ આચરણમાં મૂકવું એમાં ખૂબ મોટો તફાવત છે. દુર્યોધન અને રાવણ બંને જ્ઞાની હતા. સત્ય શું છે એ જાણતા હતા. નીતિ અને અનીતિનો ભેદ જાણતા હતા પણ પાપથી તે મુક્ત થઈ શકતા ન હતા.

એક ગ્રંથકાર વિરક્તિ - ત્યાગ પર ખૂબ જ ઉમદા વિવેચનાત્મક ગ્રંથ લખ્યો. બે યુવાન એ ગ્રંથ વાંચી સન્યાસી થઈ ગયા. પછી એમણે નક્કી કર્યું કે જે ગ્રંથે આપણને વિરક્ત બનાવ્યા તેના દર્શનાર્થે જઈએ.

ગ્રંથકારને મળ્યા - એ તો પાકો સંસારી અને માયામાં લપેટાયેલો હતો. શિષ્યોએ કહ્યું સામ કેમ? તમારો ગ્રંથ વાંચીને તો અમે 'સન્યાસી' થઈ ગયા અને તમે તો સંસારમાં ઓતપ્રોત છો!

ગ્રંથકાર કહે - મેં વિરક્તિનું સત્ય લખ્યું છે હું સમજું છું પણ મારું કામ લુહાર જેવું છે. લૂહાર તલવાર બનાવે પણ તે જાતે લડતો નથી કે તલવારબાજી આવડતી પણ નથી. તલવાર ને સમજનારા વીર પુરુષ તો કોઈ ઓર જ હોય છે!

# ખમીરવંતા મહાનાયક કાસ્ત્રોની વિદાય

નેવું વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવી કોઈ રાજકારણી અવસાન પામે તો એથી શોક કરવાનો ન હોય. પરંતુ ક્બૂયા ક્રાંતિના મહાનાયક ફિદેલ કાસ્ત્રોની વિદાયથી દુનિયાના રાજકારણમાં એક ખાસ પ્રકારનો ખાલીપો સરજાયો છે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. એવું સૌથી મહત્ત્વનું કારણ છે એની સાચા અર્થમાં છપ્પન ઈંચની છાતી. બહુ કાચી વયે એણે વિશ્વની મહાસત્તા સામે મોરચો માંડ્યો હતો અને એ વેર એણે અંતિમ શ્વાસ સુધી જાળવી રાખ્યું. આપણે લોકશાહીના પુરસ્કર્તા છીએ અને અમેરિકા તો વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી ગણાય છે. પરંતુ એની જમાદારી સામે દુનિયાનાં મહાન રાષ્ટ્રોએ આંખમિચામણાં કર્યાં ત્યારે એક લવરમૂછિયા નવયુવકે એને પડકાર્યું તે ત્યાં સુધી કે અમેરિકાની છાતી સામે રશિયન મિસાઈલ ગોઠવવાની હિંમત દાખવી. બત્રીસ વર્ષે બળવો પોકારનાર કાસ્ત્રો વિશ્વમાં સૌથી લાંબી સત્તા ભોગવનારા જૂજ રાજનેતાઓમાં અગ્રતા ક્રમે બિરાજે છે. એમણે લેટિન અમેરિકાને નવી ઓળખ અપાવી, એટલું જ નહીં - સામ્યવાદી શાસન ચલાવનારા સરમુખત્યાર હોવા છતાં સામ્યવાદી રાષ્ટ્રો સાથે જોડાઈને આગવો ઈતિહાસ સર્જ્યો. પંડિત નહેરુના વ્યક્તિત્વથી પ્રભાવિત થયેલ આ બળવાખોર નેતાએ ભારતને મહાન રાષ્ટ્ર ગણાવી એમના છેલ્લા શ્વાસ સુધી મિત્રતાની જ્યોત જલતી રાખી હતી. ઈંદિરા ગાંધીને પોતાની મોટી બહેન ગણાવીને રાજનેતાઓનો પરંપરાગત પ્રોટોકોલ બાજુએ મુકી જાહેરમાં આલિંગન આપનાર કાસ્ત્રોએ છેલ્લાં થોડાં વરસથી નાદુરસ્ત હાલતને કારણે સત્તાનાં સૂત્રો પોતાના ભાઈને સોંપી દીધાં હતાં, પરંતુ જાહેરમાં સોગંધ ખાધા હતા કે અમેરિકાને બરબાદ થયેલું જોયા પછી જ દેહ છોડીશ. યોગાનુયોગ ટ્રમ્પના વિજયથી અમેરિકાની બાંધી મૂઠી ઊઘડી ગયા પછી જ એમનો દેહવિલય થયો તે સૂચક છે. અમેરિકાના અગિયાર અગિયાર પ્રમુખો સામે ટક્કર લેનાર સામ્યવાદી સરમુખત્યારને દુનિયાએ જરા અલગ રીતે સ્વીકાર્યા પરંતુ અમેરિકન પ્રમુખો હરહંમેશ એમની વિરુદ્ધ ઝેર ઓકતા રહ્યા. છેલ્લે ટ્રમ્પના શબ્દો તો ખૂબ જ નકારાત્મક રહ્યા : એમણે કાસ્ત્રોને એક ક્રૂર સરમુખત્યાર કહ્યા : 'ઈતિહાસ એને ગોળીઓ ચલાવનાર ટીમના આગેવાન અને લોકોને યાતનાઓ આપનારી વ્યક્તિ તરીકે યાદ રાખશે. તેણે લોકોને માત્ર ત્રાસ જ આપ્યો હતો.' અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટને કાસ્ત્રોને નિર્દોષ અમેરિકનોના હત્યારા કહ્યા હતા અને એમની સામે નાકાબંધી કરવા બદલ ગર્વ અનુભવ્યો હતો. જોન એફ કેનેડીએ પણ એમને મહત્ત્વાકાંક્ષી સરમુખત્યાર જ ગણાવેલા. પરંતુ છેલ્લા રાષ્ટ્રપતિ ઓબામાએ ક્યૂબાની મુલાકાત લઈ એની પર લગાડેલ વ્યાપારી પ્રતિબંધો હટાવવાનો નિર્ણય કર્યો હતો અને અમેરિકાના માનવતાવાદી અભિગમનો પરિચય આપવાનો વ્યૂહ અપનાવ્યો હતો છતાં વટના કટકા જેવા કાસ્ત્રોએ એમને મળવાની ધરાર ના પાડી દીધી હતી. કાસ્ત્રોની દાઢી એમની ઓળખ બની ગઈ હતી. એમણે કહેલું કે દાઢી કરવા પાછળ રોજ બંદર મિનિટ બગાડવી મને પોષાય તેમ નહીં. વળી જયાં સુધી ક્યૂબા પોતે બ્લેડનું ઉત્પાદન કરતું ન થાય ત્યાં સુધી પોતે દાઢી નહીં કરે, એવું નિવેદન કરીને એમણે ક્યૂબાને સ્વાવલંબી બનાવવાનો સંકલ્પ પણ જાહેર કર્યો હતો. એક પછાત દેશના સર્વમાન્ય લશ્કરી વેશમાં રહેતા સરમુખત્યારે જયારે મોતની પછેડી

**તંત્રીસ્થાનેથી...**

ઓઢી લીધી છે ત્યારે એમનું મૂલ્યાંકન માત્ર અમેરિકા કે રશિયાની આંખે નહીં, બલકે એમના ઝમીર અને ખમીરના મુદ્દે થવું જરૂરી છે. હજારો વર્ષોમાં આગવી લાયકાત સાથે પોતીકી કલ્પના મુજબના ઈતિહાસનું સર્જન કરનારો આવો એકાદ મહાનાયક પેદા થતો હોય છે... દિવંગત ફિદેલ કાસ્ત્રોને લાલ સલામ!

# બેનામી સંપત્તિની ખરીદ-વેચાણ અટકાવવા હુકમની નોંધ રેકર્ડમાં કરવી ફરજીયાત

**ભળતા નામ અને અટકના આધારે મિલ્કતની ખરીદ-વેચાણ અટકાવવા રાજય સરકારનો મહત્વનો પરિપત્ર**



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં સરકારે જુની ચલણી નોટો બંધ કરી કાળા બજારીયા, બેનામી સંપત્તી ધારકો અને ભ્રષ્ટાચારને નાથવા પ્રયત્ન કરેલ જે લગત બેનામી સંપત્તી ધારકોને ખુલ્લા પાડવા તથા બેનામી સંપત્તીની ખરીદ-વેચાણ અટકાવવા માટે સંબંધીત મહેસુલ અધિકારી દ્વારા જમીનની ફાળવણી બીનખેતી, શરત બદલી, સર્વે નંબરના સુધારા તથા જમીનના ખાલસા, લીઝ, ભાડાપટ્ટાના હુકમોની નોંધ હવેથી રેવન્યુ રેકર્ડમાં પાડવાની ફરજીયાત કરેલ છે. રેવન્યુ કેસોના હુકમની નકલોની નોંધ તથા નોંધ રદ કરવાના હુકમો, વારસાઈના હુકમો, ટ્રાન્સફરની નોંધ રેકર્ડમાં પાડવી ફરજીયાત કરવામાં આવી છે તેમજ અગત્યના દસ્તાવેજોનું સ્કેનીંગ પણ ફરજીયાતપણે કરવામાં આવશે. સરકારને જરૂરીયાત સમયે આવા દસ્તાવેજો સરળતાથી મળી શકશે. જે દસ્તાવેજથી આઈ.ટી. સર્વેની કામગીરી હાથ ધરવામાં આવતા આગામી સમયમાં બેનામી સંપત્તી ધારકોમાં ફફડાટ ફેલાશે.

ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટ ઓફ લેન્ડ રેકર્ડઝ (ડીઆઈએલઆર) ની કચેરી દ્વારા સંપત્તીને લગતા તમામ દસ્તાવેજોનું સ્કેનીંગ કરી રેકર્ડ ઓન લાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઈ-ગ્રામ અને જન સેવા કેન્દ્રમાં રેકર્ડની નકલ લેવા, જમીનના વ્યવહારની ફેરફાર નોંધ દાખલ કરવા, સબ રજીસ્ટ્રારની કચેરીના દસ્તાવેજોનું રજીસ્ટ્રેશન કરાવવા, બેન્કમાં બોજાની નોંધ દાખલ કરવા તથા બોજો દૂર કરવાના કરારની નોંધો કરવા સ્વૈચ્છીકરીતે અન્ય વ્યક્તિની તરફેણમાં મીલ્કતમાંથી પોતાનો હક્ક જતો કરવાની નોંધો તથા ખેડૂત ખાતેદારના ખાતામાં આધાર કાર્ડનું સ્કેનીંગ કરવા માંગતા હોય ત્યારે સબંધીત કચેરીના અધિકારીએ ઈ-ધારા કેન્દ્રમાં પોતાના ખાતામાં આધાર કાર્ડનું સ્કીનીંગ કરવાનું રહેશે.

ભળતા નામ કે અટકના આધારે જમીનોના સોદા કરતા જમીન ખરીદ વેચાણ કરતા અટકશે. આ માટે ખેડૂત ખાતેદાર કે મીલ્કત ધારક મરજીયાતપણે પોતાનો આધાર કાર્ડ નંબર આપવા માંગતા હોય તો તેમના જમીનની વિગતો સાથે ચકાસણી કરીને લીંક કરવામાં આવશે. આમ કરવાથી એકના બદલે બીજી ખોટી અથવા ભળતા નામ, અટકવાળી વ્યક્તિ દ્વારા છેતરપીંડી આચરી ખરીદ વેચાણ કરવાના બનાવો અટકશે.

૧/૪/૨૦૧૭ પહેલા જે રેવન્યુ રેકર્ડને લગતા રેવન્યુ કોર્ટના હુકમો થયા હોય અગર તો મામલતદાર, પ્રાંત અધિકારી તથા કલેકટર દ્વારા જમીન લગત ગણોત કે રેવન્યુને લગતા હુકમો, ફેરફાર નોંધના કાગળો દસ્તાવેજોનું ફરજીયાતપણે સ્કેનીંગ કરી ખેડૂત ખાતેદારો જયારે ૭-૧૨ ના ઉતારાની નકલ મેળવે ત્યારે તમામ દસ્તાવેજો રજીસ્ટ્રર કરાવે તો ઈ-ગ્રામ સેન્ટર તથા જન સેવા કેન્દ્રમાં ઈ-ધારા કેન્દ્રમાં પોતાના આધાર કાર્ડના નંબરની નોંધણી કરાવવી ફરજીયાત રહેશે આ સ્કેનીંગ રેકર્ડના આધારે નાગરિકોને જમીન લે વેચમાં સુરક્ષા, સલામતી રહેતા ખોટુ થતા અટકશે. જમીનના બેનામી લે વેચ અટકાવવા તથા ખરીદ વેચાણમાં પારદર્શકતા લાવવા માટે મહેસુલ વિભાગ દ્વારા તાજેતરમાં આ ઠરાવ કરવામાં આવેલ છે અને તમામ જીલ્લાના કલેકટર, સબ રજીસ્ટ્રાર તથા મહેસુલી અધિકારીઓને તેમજ ડીઆઈએલઆરના રેકર્ડ ઈન્સ્પેકટરો તેમજ તલાટી/મંત્રીને આ પરિપત્રનું ફરજીયાત પાલન ૧/૪/૨૦૧૭ પહેલા કરેલ ફેરફાર તથા હુકમોની નોંધ સ્કેનીંગ કરવા માટે આદેશ કરવામાં આવ્યા છે. જેથી જમીનને લગતા હુકમ કરનાર અધિકારીએ જ તમામ હુકમની નોંધ દફતરે ફરજીયાત કરાવવાની રહેશે.

ગુજરાત રેવન્યુ પંચ તથા ખાસ જમીન મહેસુલની કચેરીઓ દ્વારા કરવામાં આવેલા જમીનના લગતા હુકમોની નકલ કલેકટરને મોકલી સદર હુકમને સ્કેનીંગ કરાવવા જાણ કરવામાં આવશે.

ખેડૂત ખાતેદારો પોતાનો આધાર કાર્ડ નંબર પણ મરજીયાતપણે રેવન્યુ રેકર્ડમાં લીંક કરાવી પોતાની જમીનના બેનામી કે ભળતા નામે થતા ખરીદ વેચાણના વ્યવહારોથી બચી શકશે અને કોર્ટ લીટીગેશનો તથા પોલીસ ફરીયાદનો સમય અને ખર્ચના ચક્કરમાંથી બચી શકશે.

સદર હુકમોના રેવન્યુ રેકર્ડ તથા દસ્તાવેજોના સ્કેનીંગના હુકમથી ખોટુ કરનાર ભૂમાફીયા,

**અનુસંધાન પાના નં. ૭ પર**

# મોબાઈલથી મેસેજીસ કરવાને બદલે રૂબરૂ મળવાની તલપ કંઈક અનોખી હોય છે



WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

વાતવાતમાં કેવો નડે છે ? તોય મોબાઈલ મને ગમે છે,
વચ્ચે ટપકી કેવો પડે છે? તોય મોબાઈલ ને ગમે છે!
નાના-મોટા, અમીર-ગરીબ સૌ ગજવે ઘાલીને ફરે છે,
જાણું છું કે વ્યસન છે, તોય મોબાઈલ મને ગમે છે!

- સંજય થોરાત

મોબાઈલ એટલે આપણો હમસફર, આપણો સંગી-સાથી, આપણો દિવસ-રાતનો જોડીદાર અને પ્રાણથીયે વ્હાલો. આપણો આ મોબાઈલ આપણું અવિભાજ્ય અંગ કયારે બની ગયો એની આપણે પોતાને પણ જાણ ન રહી. વ્યક્તિ, વસ્તુ, સ્થળ એ તમામ કરતાંયે આ નિર્જીવ મોબાઈલનું સ્થાન વધુ અગત્યનું છે. જો કે, કેટલાક બુદ્ધિજીવી લોકો આ નિર્જીવ સાધનને સજીવ સંબંધો પર હાવી થવા દેતા નથી. તેમણે મોબાઈલ માટેનો ચોક્કસ સમય ફાળવ્યો છે. મોબાઈલ એટલે માત્ર ફોન કરવાનું સાધનમાત્ર નહિં પરંતુ, મોબાઈલ એટલે ફૅસબુક, મોબાઈલ એટલે વોટ્સએપ, વી-ચૅટ, સ્નેપચેટ અને મોબાઈલ એટલે ફોટોગ્રાફી પણ ખરી અને સેલ્ફી પણ! અધધધ... કહી શકાય એટલા ઉપયોગો અને એટલી મોબાઈલનાં મોડલ્સમાં જ વેરાઈટીઝ! જાત જાતના અને ભાતભાતના મોબાઈલ ઉપલબ્ધ છે માર્કેટમાં. મોબાઈલ પસંદ કરવામાં લોકો કેટલો બધો અભ્યાસ કરે અને માર્કેટમાં જે લેટેસ્ટ મોડેલે available હોય તે જ પસંદ કરે. ઘરમાં ચાર સભ્યો સાથે બેઠા હોય તો તમામેતમામ મોબાઈલમાં પોતપોતાના group માં વ્યસ્ત હોય. અરે! હદ તો ત્યારે થઈ જાય જયારે શેરીમાં રમતા બાળકોને તેમના મા-બાપ મોબાઈલ અપાવે અને ત્યારથી સાચી અને real રમતગમતના બદલે ત્રણ-ચાર મિત્રો સાથે બેસીને પોતાપોતાના મોબાઈલમાં રહેલી game માં એકબીજા સાથે હરિફાઈ કરે!

મોબાઈલ એ વ્હાલો પણ ઘણો છે અને સાથોસાથ ખૂબ ઉપયોગી પણ. પરંતુ, આજે મારે વાત કરવી છે એવી ક્ષણોની કે જયારે તમારા હાથમાં રહેલો મોબાઈલ તમને યાદ જ ન આવ્યો હોય. અચાનક સવારના પહોરમાં ઉઠીને બારીની બહાર નજર નાખતાં જ સૂર્યોદયની અદ્ભૂત ક્ષણ આંખોમાં ઝીલાય અને પળવાર માટે બધું જ ભૂલાઈ જાય! અરે ફોટો પાડવાનું પણ યાદ ન આવે! બસ એ ક્ષણ આપણી આંખોમાં કેપ્ચર (capture) થાય અને સીધેસીધી હૃદયમાં જડાઈ જાય. કોઈ સરસ મજાનું નાટક કે જકડી રાખે તેવું movie જોવા ગયા હોઈએ ત્યારે ત્રણ કલાક માટે મોબાઈલ યાદ જ ન આવે એવું નથી બનતું? એક બાળકને જન્મ બાદ તુરંત જ હાથમાં લેતાંવેંત સમય થંભી જતો હોય તેમ લાગે અને એવા સમયે સંવેદનાનું એવું તો ઘોડાપુર ઉમટે કે મોબાઈલ યાદ જ ન આવે. પાનખરની ઋતુ બાદ ખરી ગયેલા પાનવાળા બુઢ્ઢા વૃક્ષની ડાળ પર અચાનક કયારેય ન જોયું હોય એવું કોઈ પંખી આવીને બેસે અને આપણે કેવા સ્ટેચ્યુની જેમ તેને ટગર ટગર જોવા લાગીએ છીએ. હલ્યા વિના તેને જોયા જ કરીએ છીએ કે રખે ને અવાજથી એ ડરીને ઊડી જશે તો ? ત્યારે મોબાઈલ સાવ ભૂલી જ જવાય છે. કવિ શ્રી જયંત કોરડિયા લખે છે કે,

"એક પંખી આવીને ટહુકી ગયું
સાવ ઠૂંઠા ઝાડવે ચેતન થયું."

આ ઠૂંઠા ઝાડ સાથે બુઢ્ઢા થઈ ગયેલા આપણા હૈયામાં પણ કંઈક આવી જ ચેનતા પ્રગટે છે ને?

મનગમતી વ્યક્તિ સાથે સામસામે બેસીને વાતો કરતી વખતે પણ આ મોબાઈલ ભૂલાઈ જ જતો હોય છે ને? ખાસ કરીને પ્રેમમાં પડેલ વ્યક્તિ માટે આ કૂણી-કૂણી સંવેદનાઓ મનમાં હળવેકથી પ્રવેશતી હોય છે અને ત્યારે પણ મોબાઈલથી મેસેજીસ કરવાને બદલે રૂબરૂ મળવાની તલપ કંઈક અનોખી બાબત હોય છે. કોઈ કવિ કે લેખકની લખેલી સુંદર કૃતિને વાંચતી વખતે મન જાણે એક સ્વપ્નનગરની સફરે જતું રહે છે. કવિ કે લેખક આપણી આંગળી પકડીને આપણને શબ્દોની નગરીની સફર કરાવે છે. પંજાબી કવિ શ્રી સુતીંરસિંહ નૂર ખૂબ સુંદર રીતે આ વિષે લખે છે જેનું અનુવાદ સુજાતા ગાંધીએ કર્યું છે :

"પ્રેમ કરવો અને પુસ્તક વાંચવું
એમાં કોઈ અંતર નથી હોતું.
કેટલાક પુસ્તકોનું મુખપૃષ્ઠ જોઈએ છીએ ભીંજવે છે.
પાનાં ઉથલાવીને મૂકી દઈએ છીએ.
કેટલાંક પુસ્તકો તકિયા નીચે મૂકીએ છીએ.
અચાનક જયારે પણ આંખ ખૂલે છે.
ત્યારે વાંચવા માંડીએ છીએ.
કેટલાંક પુસ્તકોનો શબ્દેશબ્દ વાંચીએ છીએ
એમાં ખોવાઈ જઈએ છીએ
ફરી પાછું વાંચીએ છીએ અને આત્મામાં વસાવી દઈએ છીએ.
કેટલાંક પુસ્તકોમાં રંગ-બેરંગી નિશાની કરીએ છીએ.
દરેક પંક્તિ પર વિચારીએ છીએ અને કેટલાંક પુસ્તકોનાં
નાજુક પૃષ્ઠો પર નિશાની કરતાં પણ ડરીએ છીએ.
પ્રેમ કરવો અને પુસ્તક વાંચવું
એમાં કોઈ અંતર નથી હોતું."

તો આવો, આપણા વ્હાલા મોબાઈલથી પણ વ્હાલું શું - શું છે તે જાણવાનો પ્રયાસ કરીએ. સૂર્યોદય અને સૂર્યાસ્તના રંગોને મન ભરીન માણતા થઈએ. શારીરિક રીતે જયાં છીએ ત્યાં જ માનસિક રીતે પણ હાજર રહીએ અને આપણી સંવેદનાઓને પણ ત્યાં અચૂક સાથે રાખીએ. થોડો પ્રયત્ન કરશો તો આવી કેટલીક નાની-નાની ક્ષણ તમને તરત જ મળી આવશે કે જયાં વ્હાલામાં વ્હાલો મોબાઈલ પણ વિસરાઈ ગયો હશે!

**લાસ્ટ્રી સીન :**

શું વાત કરો છો? નો ટચ સ્ક્રીન
ઓન્લી ટચ ધ સોલ (Soul)
કહેવું પડે!

- સંજય થોરાત

- nehalgadhavi101@gmail.com

# ત્રણ દાયકામાં બાંગ્લાદેશમાંથી હિંદુનિર્મૂલન



અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ભારતમાંથી કોઈ રાજકીય પક્ષ કે હિંદુવાદી સંગઠન કાગારોળ મચાવે કે બાંગલાદેશમાં હિંદુઓને નામશેષ કરી દેવાશે, તો એને એટલી ગંભીરતાથી ના લેવાય. કાયમ પોતાના દેશને ભાંડીને ભારતમાં આશ્રય મેળવવા વહાલાં થતાં લેખિકા તસલીમા નસરીન પણ અનુકૂળ વાજું વગાડે છે.જોકે છેલ્લાં ત્રીસ વર્ષ દરમિયાન સતત હિંદુઓ વિશે અભ્યાસ કરતા રહેલા બાંગલાદેશના પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી ડૉ. અબુલ બરકત પોતાના દેશની યુનિવર્સિટીઓ અને પરિસંવાદોમાં ખુલ્લેઆમ આંકડા આગળ કરીને કહે કે આવતાં ત્રીસ વર્ષમાં એમના દેશમાં કોઈ હિંદુ નહીં બચ્યો હોય. એમની આ વાતને ગંભીરતાથી લેવી પડે. 'ઢાકા ટ્રિબ્યુન' દૈનિકમાં ૨૦ નવેમ્બર ૨૦૧૬ના રોજ આ સમાચાર ઝળકે છે. એના થોડા દિવસ પહેલાં જ ઢાકા અને નવી દિલ્હીનાં સત્તાવર્તુળો બાંગલાદેશને પ્રમાણપત્ર આપી રહ્યાં હતાં કે હવે આ 'સાર્ક' દેશ આતંકવાદીઓની નિકાસ કરતો નથી. આ ટાણે સઘળું ધ્યાન પાકિસ્તાનની ખલનાયકી ભણી છે. એવું નથી કે ડૉ. બરકતે ગઈકાલે આ વાત કરી હોય. એ વર્ષોથી બાંગલાદેશમાં હિંદુ સહિતની લઘુમતીઓને કનડવામાં આવી રહ્યાની વાત દાખલા અને આંકડા સહિત કરતા રહ્યા છે. એમના અભ્યાસ કહે છે કે અત્યાર લગી એકાદ કરોડ જેટલા હિંદુઓએ બાંગલાદેશમાંથી ભારત ભણી હિજરત કરવી પડી છે. એ પ્રવાહ બ્રિટિશ ઈન્ડિયાના વિભાજનથી બનેલા પૂર્વ પાકિસ્તાન અને એ પછી ૧૯૭૧ના યુદ્ધને અંતે સર્જાયેલા બાંગલાદેશ તેમજ એના લોકપ્રિય નેતા બંગબંધુ મુજીબુર્ રહેમાનના તાનાશાહ અવતાર અને સમગ્ર પરિવારની હત્યા પછીના સિલસિલા દરમિયાન ચાલુ રહ્યો છે. મુજીબનાં વડાં પ્રધાન દીકરી શેખ હસીના હિંદુ સહિતની લઘુમતીઓ ભણી નરમાશ ધરાવે છે, પણ મુસ્લિમ કટ્ટરવાદી પરિબળો તેમજ લશ્કરી રાષ્ટ્રપતિ ઝિયાઉર રહેમાનની હત્યા પછી તેમનાં વિધવા બેગમ ખાલેદા ઝિયાના વડા પ્રધાનપદ દરમિયાન હિંદુઓ પર જુલ્મો વધ્યા હતા.

શેખ હસીના અને ખાલેદા ઝિયાના વડા પ્રધાનપદ દરમિયાન બાંગલાદેશમાં કટ્ટરવાદનો વિકાસ થતો રહ્યો એટલું જ નહીં, બંને વિધવાએ વારાફરતાં વડા પ્રધાન બન્યા પછી એકમેક સામેના વેરની વસુલાત કરવાની આગવી શૈલી પણ વિકસાવી હતી. છેલ્લી ચૂંટણીનો ખાલેદાની બાંગલાદેશ નેશનલ પાર્ટીએ બહિષ્કાર કર્યો એટલે શેખ હસીનાની બાંગલાદેશ અવામી પાર્ટી સરળતાથી સત્તામાં પાછી ફરી. ભારતના અલ્ફા આતંકવાદીઓનું

- **એક કરોડથી ય વધુ હિંદુઓની હિજરત પછી પણ સરકારી આંકડામાં હિંદુ વસ્તીવૃદ્ધિ !**
- **અલ્ફા અને તમિળ ટાઈગર્સના પાક-પરસ્ત અડ્ડાવાળું બાંગલાદેશ ભારતદ્રોહી રહ્યું છે.**
- **સુભાષ બોઝના ભાઈ સરત અને સુહરાવર્દી અલગ બંગાળ દેશની લડત ચલાવતા હતા.**
- **શ્યામા બાબુએ બંગાળનું વિભાજન કરાવ્યું અને સરદાર પટેલના દિલમાં વસી ગયા હતા.**

આશ્રયસ્થાન બનેલા દેશમાં પાકિસ્તાની આઈએસઆઈના ટેકે ભારતવિરોધી આતંકવાદી પ્રવૃત્તિને સમર્થન અપાઈ રહ્યું છે. ઈશાન ભારતનાં સાત રાજ્યોમાં ભાગલાવાદી ચળવળને પ્રોત્સાહિત કરાય છે. ક્યારેક શ્રીલંકાના તમિળ ટાઈગર્સ જેવા વિશ્વના સૌથી ખતરનાક ગણાતા ત્રાસવાદી સંગઠન માટે પુરોહિતનું કામ કરનારાઓને બાંગલાદેશમાં મોકળું મેદાન મળતું રહ્યું છે. ઈસ્લામી કટ્ટરવાદ વકરવાનાં દુષ્પરિણામ પણ બાંગલા પ્રજાએ ભોગવવાં પડ્યાં છે. 'આમારા સોનાર બાંગલા' જેવા રવીન્દ્રનાથ ઠાકુરરચિત બાંગલાદેશના રાષ્ટ્રગીતમાં સોનાના બાંગલાદેશની કલ્પના કરાઈ છે, પણ આતંકવાદે ત્યાં લોહીની નદીઓ વહાવી છે. ૧૯૪૭માં બંગાળનું વિભાજન થયું. પૂર્વ બંગાળમાંથી પૂર્વ પાકિસ્તાન બન્યું અને પશ્ચિમ બંગાળ ભારતનું રાજ્ય બન્યું. એ વેળા પૂર્વ પાકિસ્તાનમાં હિંદુઓની વસ્તી ૩૧ ટકા જેટલી હતી. એ પછીનાં વર્ષોમાં હિંદુઓની હિજરતને પરિણામે અથવા તો તેમને જબરજસ્તીથી મુસ્લિમ બનાવાતાં સતત હિંદુ વસ્તી ઘટતી રહી. ૧૯૬૧માં એ ૧૯ ટકા રહી અને ૧૯૭૪માં એનું પ્રમાણ માત્ર ૧૪ ટકા રહ્યું. આજે ૧૦.૭ ટકા વસ્તી હિંદુ છે. આજે બાંગલાદેશમાં દસ કરતાં ય વધુ હિંદુ સંસદસભ્યો ઉપરાંત કેન્દ્ર સરકારમાં પ્રધાનો પણ હિંદુ હોવા છતાં તેઓ મહદ્અંશે હિંદુઓનાં હિતની જાળવણી બાબત મૂકપ્રેક્ષક છે.

ડૉ. બરકતે આપેલા આંકડા રૂવાડાં ખડાં કરી દેનારા છે. તેમણે કહ્યું છે કે ૫૦ હજાર જેટલા પૂર્ણકાલીન ઈસ્લામી કટ્ટરવાદી કાર્યકરો બાંગલાદેશમાં ઈસ્લામી રાજ્ય સ્થાપવા માટે મેદાને પડેલા છે. તેમની રાજકીય વગ પણ ભારે છે. 'અધિકાર' નામના બાંગલાદેશ માનવ અધિકાર સંગઠનના આંકડાઓ મુજબ, વર્ષ ૨૦૧૧ દરમિયાન ૬૭૨ હિંદુ મહિલાઓ જાતીય સતામણી અને બળાત્કારોનો ભોગ બની હતી. તેમાંથી ૨૯ પીડિતાએ આત્મહત્યા કરી હતી. સેંકડો હિંદુ મહિલાઓ પર દર વર્ષે બળાત્કાર થાય છે.

બાંગલાદેશની પ્રતિષ્ઠિત જનતા બેંકના ચેરમેન રહેલા ડૉ. બરકત ઢાકા યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડા પણ રહ્યા છે. અત્યારે એ બાંગલાદેશ ઈકોનોમિક એસોસિએશનના ચૂંટાયેલા અધ્યક્ષ છે. તેમણે ૨૩ માર્ચ ૨૦૧૩ના દિલ્હીના સામાયિક 'મેઈન સ્ટ્રીમ'માં બાંગલાદેશમાં કટ્ટરવાદના વધતા પ્રભાવ અને લઘુમતીઓની કરુણ સ્થિતિ વિશેનું વિસ્તૃત આલેખન કર્યાં હતું. તેમના કહેવા મુજબ હિંદુઓ પર અત્યાચારો ગુજારાય છે. એટલું જ નહીં, હિંદુ મહિલાઓ અને કુંવારિકાઓ પણ સામૂહિક બળાત્કારની ભોગ બની રહી છે. તેમણે જુલાઈ ૨૦૧૬ દરમિયાન રાજાશાહી યુનિવર્સિટીમાં પરિસંવાદમાં ભાગ લેતાં "છેલ્લા ૪૯ વર્ષમાં ૧ કરોડ ૧૦ લાખ કરતાં વધુ બાંગલાદેશી હિંદુઓએ હિજરત" કરવી પડ્યાનું જણાવીને સૌને ચોંકાવી દીધા હતા. પોતાના તાજા પુસ્તક 'પોલિટિકલ ઈકોનોમી ઓફ રિફોર્મિંગ એગ્રીકલ્ચર, લેન્ડ, વોટર બોડીઝ ઈન બાંગલાદેશ'માં તો તેમણે નોંધ્યું છે કે વર્ષ ૧૯૬૪થી ૨૦૧૩ દરમિયાન ૧.૧૩ કરોડ જેટલા હિંદુઓએ બાંગલાદેશમાં ધાર્મિક કનડગત અને ભેદભાવ તેમજ હિંસાચારને કારણે દેશ છોડવો પડ્યો છે. રોજના ૬૩૨ હિંદુ દેશ છોડે છે એટલે કે વર્ષે ૨,૩૦,૬૧૨ હિંદુ હિજરત કરી જાય છે. મુક્તિસંગ્રામ(૧૯૭૧) પહેલાં રોજના ૭૦૫ હિંદુઓએ હિજરત કરવી પડતી હતી. ૧૯૭૧-૧૯૮૧ દરમિયાનનો આ આંકડો ૫૧૨નો છે. ૧૯૮૧-૧૯૯૧ દરમિયાન તે ૪૩૮નો છે. ૧૯૯૧-૨૦૦૧ દરમિયાન તે વધીને રોજનો ૭૬૭ થયો અને ૨૦૦૧-૨૦૧૨ દરમિયાન રોજ ૭૭૪ હિંદુ બાંગલાદેશ છોડવા મજબૂર થઈ રહ્યા છે. આ વાત હિંદુઓની છે. ખ્રિસ્તી અને બૌદ્ધોની સ્થિતિ પણ આવી જ કરુણ છે.વિભાજન વખતે પૂર્વ

**અનુસંધાન પાના નં. ૭ પર**